# દહેગામના ઝાંકમાં ૩૦ થી વધુ શ્રમિકોને ફૂડપોઈઝનીંગ

## ખાનગી કેન્ટીનને સિલ મારતુ આરોગ્યતંત્ર

ગાંધીનગર, તા. ૧૧

દહેગામ તાલુકાના ઝાંક ઔદ્યોગિક વિસ્તારમાં ફૂડપોઈઝનીંગના કેસ મળી આવતાં આ વિસ્તારની એક ખાનગી કેન્ટીનને આરોગ્યતંત્રએ સીલ માર્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ વિસ્તારમાં એક ખાનગી કેન્ટીનમાં શ્રમિકોએ વાસી ભાત ખાતાં ફૂડ પોઈઝનીંગના કેસો સામે આવ્યા હતા. જે પૈકી ૮ જેટલા દર્દીઓને દહેગામ સારવાર માટે લવાયા હતા જ્યારે ૨૪ જેટલા દર્દીઓ સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ગયા હતા.

તંત્ર દ્વારા કેન્ટીનને સિલ મારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં ફૂડ પોઈઝનીંગની આ ઘટનાને આરોગ્યતંત્રએ ગંભીરતાથી લીધી છે. જિલ્લામાં પાણીજન્ય રોગચાળો પણ દિવસે દિવસે વધી રહ્યો છે. તંત્ર હવે રોગચાળાને લઈ સખ્તાઈથી કામ લેશે તેમ મનાઈ રહ્યું છે.



ભાજપની કેન્ડલ માર્ચ : અમરનાથ યાત્રી પર આતંકી હુમલામાં મૃત્યુ પામનાર ભાવિકોને અંજલિ આપતા ભાજપના આગેવાનો અને કાર્યકરો મીણબત્તી પ્રગટાવી સંવેદના વ્યક્ત કરી હતી. કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેર ભાજપના કોર્પોરેટરો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગ્રામીણ વિસ્તારમાં હાઈમાસ્ક લાઈટના કામો પર વિકાસ કમિશનર દ્વારા અટકાવાયા

ગાંધીનગર, તા. ૧૧

રેતી-કાંકરીની ગ્રાન્ટનો વિવાદ હજુ માંડ થાળે પડી રહ્યો હતો ત્યાં વિકાસ કમિશનરની કચેરી દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં હાઈ માસ્ક લાઈટના કામો પર રોક લગાવતો પરિપત્ર આવતાં પંચાયત વર્તુળોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.


મળતી વિગતો પ્રમાણે વિકાસ કમિશનરની કચેરી દ્વારા નવી પૂરક માર્ગદર્શિકા રેતી-કાંકરીની ગ્રાન્ટના વપરાશને લઈ જારી કરવામાં આવી છે. જેમાં એલઈડી લાઈટ્સના કામોમાં વધુ ગ્રામ્ય વિસ્તારોને સમાવવા જણાવાયુ છે. હાઈમાસ્ક લાઈટ માટેનો ખર્ચ વધુ થતો હોવાથી આ કામ પર રોક લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં સોલાર એલઈડી હાઈ-માસ્કના કામો પૂરજોશમાં હાથ ધરાયા હતા પરંતુ આ રોક આવતાં વધુ એક વિવાદનો મધપૂડો રેતી-કાંકરીની ગ્રાન્ટને લઈ છેડાયો છે.

# બાગાયત ખાતાનું વિલીનીકરણ ન કરવા ખેડૂતોએ મુખ્યમંત્રીને પોસ્ટકાર્ડ લખ્યા

ચિલોડા, તા. ૧૧

ખેડૂતો જુદી જુદી પ્રકારની ખેતી કરીને પોતાનુ જીવનનિર્વાહ નિભાવે છે. જેની સાથે માનવવસ્તી માટે અનાજ તથા શાકભાજી પણ પૂરી પાડે છે. સરકારમાં ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોની ખેતી ઉપર પુરતુ ધ્યાન આપી રક્ષણ આપી શકાય તે હેતુથી વિભાગોનુ વિભાજન કરી ખેડૂતોને સરળતા રહે તેવુ સુચારૂ આયોજન થયુ છે. પરંતુ ખેડૂતોની બાબતોમાં કેટલાક અસંતુષ્ટ અધિકારીઓ પોતાના સ્વાર્થ ખાતર કેટલાક નિર્ણયો લઈ સરકારનું ધ્યાન દોરી પોતાની મનમાની ચલાવતા હોય છે તેવો જ એક નિર્ણય બાગાયત ખાતાને ખેતીવાડી ખાતામાં વિલીનીકરણ અંગેનો આવા અધિકારીઓએ લીધેલ હોવાનુ ખેડૂતોના ધ્યાને આવતા ખેડૂતોએ પોસ્ટકાર્ડ લખી મુખ્યમંત્રીનુ ધ્યાન દોરી સખત વિરોધ નોંધાવ્યોછે.




ગાંધીનગર પંથકના ખેડૂત જયંતિભાઈ જે. પટેલે જણાવ્યું છે કે કૃષિમંત્રાલયના કેટલાક અસંતુષ્ટ અધિકારીઓએ બાગાયત ખાતાને ખેતીવાડી ખાતામાં વિલીનીકરણ કરવાની હિલચાલ હાથ ધરી છે જે અંગે પંથકના તમામ ખેડૂતોએ આ બાબતનો સખત વિરોધ કરી રાજ્યના મુખ્યમંત્રીને પોષ્ટકાર્ડ લખી આ વિલીનીકરણ ન કરવા અનુરોધ કર્યો છે.

રાજ્યમાં બાગાયત ખેતી જેવી કે શાકભાજીના વાવેતરનું પ્રમાણ પણ વધ્યુ છે અને ખેડૂતો અનાજની સાથોસાથ શાકભાજીનું પણ વાવેતર કરી રહ્યા છે જેમાં બાગાયત ખેતી માટે સરકાર દ્વારા ખેડૂતોને મળતા લાભો થકી પોષણક્ષમ ભાવો પ્રાપ્ત થઈ રહ્યા છે. જે ખેતીવાડી ખાતામાં વિલીનીકરણ થવાથી શાકભાજીના ઉત્પાદનને માઠી અસરો થવાની સંભાવના છે. જેમાં મંત્રાલયના કેટલાક અધિકારીઓ પોતાના સ્વાર્થ ખાતર આવી હિલચાલ કરીને મંત્રીઓને ભલામણ કરી રહ્યા છે જે તદ્દન ખેડૂત વિરોધી હોવાથી મુખ્યમંત્રીનો પોસ્ટકાર્ડ લખી ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમો તો ભણેલા છો... તો સમજો... આતંકવાદીનું કામ આતંક કરવાનું હોય, તેમ અમે પોલીટીક્સમાં છીએ...

# અમરનાથ યાત્રિકો પરના હુમલામાં મૃતકના પરિવારોને ૧૦ લાખની રાજ્ય સરકારની સહાય

## મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી-પ્રદેશ અધ્યક્ષ સાથે સુરત હવાઈમથકે મૃતદેહોને મૃતકોના સ્વજનો સાથે સ્વીકારી શ્રદ્ધાંજલિ પાઠવી

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જમ્મુ-કાશ્મીરમાં અનંતનાગ ખાતે અમરનાથ યાત્રિકોની બસ ઉપર થયેલા આતંકી હુમલામાં જાન ગૂમાવનારા કમનસીબ પ્રત્યેક યાત્રિકના વારસદારને રૂ. ૧૦ લાખની સહાય રાજ્ય સરકાર તરફથી આપવાની જાહેરાત કરી છે.

આ હુમલામાં ગુજરાતના ૭ યાત્રિકોના મૃત્યુ થયા છે તથા ૧૯ યાત્રિકો હુમલામાં ઈજાગ્રસ્ત થયા છે.

વિજય રૂપાણીએ ઈજાગ્રસ્તોને રૂ. બે લાખની સહાયની તેમજ ઈજાગ્રસ્તોની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે, તેની પણ જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીએ આ હુમલો જે બસ પર થયો હતો તેના ડ્રાયવરે આતંકીઓના સતત ગોળીબાર વચ્ચે પણ બસ ચલાવીને બસમાં સવાર ૫૧ જેટલા યાત્રિકોને સલામત સ્થળે પહોચાડવાના બહાદૂરી ભર્યા કૃત્ય માટે હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા. આ ડ્રાયવરનું નામ ભારત સરકારમાં વિરતા પુરસ્કાર માટે મોકલવાની બાબત પણ વિચારવાનું તેમણે જણાવ્યું હતું.

સોમવારે રાત્રે અનંતનાગ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા અમરનાથ યાત્રિકોના પાર્થિવ દેહ મંગળવારે બપોરે વાયુદળના ખાસ વિમાન મારફતે સૂરત હવાઈમથકે લાવવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ, પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મંત્રીઓ ગણપતસિંહ વસાવા, તથા સાંસદો, મેયર વગેરેએ આ મૃતદેહોને સદગતોના પરિવારજનો સાથે સ્વીકાર્યા હતા અને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મૃતકોના શોકસંતપ્ત પરિવારજનોને સાંત્વના આપી તેમના દુઃખ-શોકમાં સહભાગી થયા હતા.

વિજય રૂપાણીએ સંવેદનાસ્પર્શી અભિગમ સાથે સૂરત હવાઈ મથકે ઈજાગ્રસ્તો અને અન્ય યાત્રિકોને રૂબરૂ મળીને તેમના ખબર-અંતર પણ પૂછ્યા હતા અને વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીને સોમવારે રાત્રે આ કમનસીબ દુર્ઘટનાની જાણ થતાં જ તેમણે રાજ્યના વહિવટી-પોલીસતંત્રને જમ્મુ-કાશ્મીરના સંબંધિત તંત્રવાહકોનો સંપર્ક કરીને બનાવની સંપૂર્ણ વિગતો મેળવી હતી.

વિજય રૂપાણીએ આ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા ગુજરાતના યાત્રિકોના મૃતદેહ ગુજરાત લાવવાનો કેન્દ્રીય ગૃહમંત્રાલય સાથે પરામર્શમાં રહીને પ્રબંધ કર્યો હતો તેમજ ઈજાગ્રસ્તોને જમ્મુ-કાશ્મીરમાં પૂરતી સારવાર-સુવિધા મળે તે માટે જમ્મુ-કાશ્મીર સરકાર સાથે પણ વાતચીત કરી હતી.



ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા અમરનાથ યાત્રીઓ પર થયેલ હુમલામાં મૃત્યુ પામનારાઓને શ્રદ્ધાસુમન અર્પણ કરવા પંચદેવ મંદિર ખાતે પ્રાર્થનાસભા તથા કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માર્ચમાં પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, મહિલા કોંગ્રેસ પ્રમુખ કીર્તિબેન પટેલ, ઈન્દુબેન રાવલ, ભાનુમતિબેન રોહિત, પ્રેમબા હાડા, વિક્રમસિંહ ખાચર, શંકરસિંહ ગોહિલ, રાકેશ જાની, પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિમનભાઈ વિંઝુડા સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વર્ષારાણીની વધામણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા તા. ૯મી જુલાઈએ સે. ૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે વર્ષારાણીના વધામણીના ગીતો, ગઝલ અને કાવ્યોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શહેરના કવિઓએ સ્વરચિત રચનાઓને સ્વમુખે પઠન કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ પ્રમુખ ભાનુભાઈ પુરાણીનુ શાલ ઓઢાડી પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ 'વન વિહારી'ના અધ્યક્ષપદે યોજાયેલા કાર્યક્રમની શરૂઆત પ્રવક્તા તથા સંચાલક મૂળજી પરમાર 'દધિ'એ શારદા સ્તૃતિ વંદનાથી કરાવી હતી. કાર્યક્રમમાં જુલાઈ માસમાં જેમનો જન્મદિન છે તેવા સભ્યોને નિરોગી ચિરાયુની શુભેચ્છાઓ અર્પણ કરાઈ હતી. કાર્યક્રમમાં નવા સભ્યો દિનેશ દેસાઈ, હીના ઉપાધ્યાય, શૈલેષ મકવાણા, નિરંજન શાહ, લતાબેન શુકલ તથા માયાબેન ચૌહાણને આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વર્ષારાણીને આવકારતી કૃતિઓ ૧૨ કૃતિઓ રજૂ કરાઈ હતી. જેમાં રમણલાલ શ્રીમાળીએ 'વર્ષારાણી', બાબુદાન ગઢવીએ 'મેઘ બોલે છે', એન.ડી. જોષીએ 'કુદરતનો કરિશ્મા', કવિ મુલાંકીએ વર્ષા, ગુલાબ પટેલે, 'ઝરમર ઝરમર વરસાદ', ભીખુ કવિએ 'વર્ષાગીત', સંજય થોરાતે 'ભજીયાના સમ', નિરંજન શાહ 'ધરતીનો સાંભળી સાદ', ભરત કવિએ 'અવસાદ', અંબાલાલ પ્રજાપતિએ 'લીલોછમ બાજરો, મૂળજી પરમાર 'દધિ'એ 'મેહુલો રેલાયો' અને પ્રવિણ ગઢવીએ 'વરસાદ આવ્યો' વગેરે રચનાઓનો સમાવેશ થાય છે. વૈદ્ય રમેશચંદ્ર ત્રિવેદી, સુમંતભાઈ શાહ અને બાબુ નાયકે અન્ય રચનાઓ પ્રસ્તુત કરી હતી. કાર્યક્રમમાં સંસ્થા ઉપપ્રમુખ સંજય થોરાતે આગામી બે કાર્યક્રમો અભિનય સમ્રાટ સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીના જન્મદિનની વંદના અને કાવ્ય શિબિર અંગે માહિતી આપી હતી.

વર્ષારાણીની વધામણીના કાર્યક્રમમાં પૂર્વ પ્રમુખ ભરત કવિ, નિવૃત સનદી અધિકારી પ્રવિણ ગઢવી, કવિ જિતેન્દ્ર વ્યાસ, પ્રવિણભાઈ શ્રીમાળી, ડૉ. સોમભાઈ પટેલ, કલ્પના જિતેન્દ્ર વગેરેની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના અંતમાં ભીખુભાઈ કવિએ આભારદર્શન વ્યક્ત કર્યુ હતું.

# રાષ્ટ્રીય તહેવારોમાં સ્થાનિક કલાકારોને પ્રાધાન્ય અપાશે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના સાંસ્કૃતિક વારસાનું જતન-સંવર્ધન થાય, રાજ્યની પરંપરાગત લોકસંસ્કૃતિ કલા-વારસો લોકો સુધી પહોંચે તેમજ કલાકારોની લોકપ્રતિભા નિખારવા ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી અને ૧લી મે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે પ્રતિવર્ષ બે કાર્યક્રમ માટે રૂ. ૨૫,૦૦૦-૨૫,૦૦૦ એમ કુલ રૂ. ૫૦,૦૦૦ અપાશે. આ માટે સ્થાનિક કલાકારોને ૮૫ ટકા પ્રાધાન્ય આપવાનું રહેશે, તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર રાષ્ટ્રીય તહેવારોની સાથે જિલ્લાના સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સ્થાનિક લોકમેળાના પ્રસંગે પરંપરાગત લોકસંસ્કૃતિ કલાવારસા કાર્યક્રમના કલાકારોના પુરસ્કાર, રહેવા-જમવા, સાધન સામગ્રી પ્રોપર્ટી માટે રાજ્યની નગરપાલિકાને પ્રતિ એક કાર્યક્રમના રૂ. ૨૫,૦૦૦ લેખે વાર્ષિક બે કાર્યક્રમ માટે રૂ. ૫૦,૦૦૦ની મર્યાદા માટે માંગણી કરવાથી રકમ ફાળવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા સંબંધિત નગરપાલિકાએ વર્ષમાં બે વાર આવા કાર્યક્રમનું આયોજન પરંપરાગત કલાવારસાના કલાકારો માટે જ કરવાનું રહેશે. સ્થાનિક કક્ષાએ સ્થાનિક કલાકારોની વચ્ચે સ્પર્ધાનું આયોજન કરી તે પૈકીના શ્રેષ્ઠ કલાકારોની પસંદગી કરી, તેની યાદી સંબંધિત નગરપાલિકાને કાર્યક્રમની પસંદગી માટે પૂરી પાડવાની રહેશે. એક વખત પસંદ થયેલ ગૃપ/કલાકારની બીજા વર્ષે પુનઃપસંદગી કરવાની રહેશે નહીં, તેમજ પુનરાવર્તન કરી શકાશે નહીં તેમ ઠરાવમાં જણાવાયુ છે.



## રામપુરા પ્રાથમિક શાળાની બાળાઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

શહેરની સ્વૈચ્છિક સંસ્થા વનશ્રી ટ્રસ્ટ દ્વારા રામપુરા (ભોંયણ) પ્રાથમિક શાળામાં ગૌરીવ્રત નિમિત્તે વ્રત કરનારી બાળાઓ માટે મેંહદી, છાપકામ અને ચિત્રકામ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા સીમા રાજુજી ઠાકોર, દ્વિતિય ક્રમે વિલાસ મહેશજી ઠાકોર અને તૃતીય ક્રમે તુલસી સંજયજી ઠાકોર વિજેતા બન્યા હતા જેમને મેડલ્સથી સન્માનિત કરાયા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પણ પ્રોત્સાહન ઈનામ તથા પ્રમાણપત્ર અપાયા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રિયાંક શર્મા તથા કલ્પનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય હસમુખભાઈ પટેલે બાળકોને માર્ગદર્શન પુરું પાડયું હતું.



## સે-૪ના છાપરાંના બાળકોને નોટ-પેનનું વિતરણ

ગાંધીનગરના સર્જન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અવારનવાર ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોના અભ્યાસમાં મદદરૂપ થાય તેવી સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે. આજે શહેરના સેકટર-૪માં ઝુંપડપટ્ટી વિસ્તારના જરૂરિયાતમંદ વર્ગના પરીવારના બાળકોને ફુલસ્કેપ નોટબુક, બોલપેન સાથે ચોકલેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં નિવૃત્ત આચાર્ય કિરીટ પરેરા, સુરેશ મેકવાન, રમેશ ડાભી સહિત ટ્રસ્ટના સભ્યો પાયલબેન મેણાત, વિનોદ મેણાત, મહેન્દ્ર ભરાડા અને બાળસેવકો વિરાજ અને ઋતિકા જોડાયા હતા.

# 'નિઃશુલ્ક હિમાલય ભ્રમણ કાર્યક્રમ' સાહસિક પ્રવાસ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષની જેમ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, માઉન્ટ આબુ દ્વારા સપ્ટેબર-૨૦૧૭માં નિઃશુલ્ક હિમાલય ભ્રમણ કાર્યક્રમ યોજનાર છે. જેમાં ૧૮ થી ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા અને ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

હિમાલય ભ્રમણ ટુકડીમાં જોડાવવા ઈચ્છતા યુવક-યુવતીઓ સાદા કાગળમાં અરજી કરવાની રહેશે. જેમાં પોતાનું પુરૂ નામ, સરનામુ, ટેલિફોન નંબર, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વગેરે દર્શાવવાનું રહેશે. તદ્ઉપરાંત શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતિ, ખડક ચઢાણનો કોચીંગ કોર્ષ કર્યાનું પ્રમાણપત્ર સામેલ હોવુ જરૂરી છે. સંપૂર્ણ વિગતો સાથેની અરજી ૨૪-૮-૧૭ સુધીમાં સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, માઉન્ટ આબુ-૩૦૭૫૦૧ને નિયત તારીખ સુધીમાં આર. પી.એ.ડી.થી મોકલી આપવાની રહેશે.

ઉમેદવારોની લાયકાત અને ગુણવત્તાના આધારે પસંદગી કરાશે. પસંદગી પામેલ ઉમેદવારોને તેમના વતનથી હિમાલય ખાતેના ભ્રમણ સ્થળ સુધી જવા-આવવાના પ્રવાસ ખર્ચ, ભોજન ખર્ચ, તેમજ નિવાસ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે. અન્ય વ્યક્તિગત સાધન સામગ્રીની વ્યવસ્થા ઉમેદવારની રહેશે. પસંદગી પામેલ ઉમેદવારને ટપાલ દ્વારા જાણ કરાશે.

**ટચુકડી**
**જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## દશનામ ગોસ્વામી મંડળની સાધારણ સભા યોજાશે

શ્રી ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળના આજીવન સભ્યોની સામાન્ય સભા રવિવાર તા. ૨૩-૭-૨૦૧૭ના રોજ સવારે ૯-૦૦ કલાકે સાંઈ બાબા મદિર હોલ, મુ. ગોઝારિયા ખાતે જિલ્લા મંડળના નવિન હોદ્દેદારોની વરણી અને મંડળના કામકાજ અર્થે મળનાર છે તો શ્રી ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળના આજીવન સભ્યોએ સામાન્ય સભામાં અચૂક હાજર રહેવા પ્રમુખ ચંદુભારતી કે. ગોસ્વામીએ જણાવ્યું છે.

**જાહેર નિવિદા**
વર્ષ-૨૦૧૭-૧૮
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા તા. ૨૯/૬/૨૦૧૭ના રોજ ટેન્ડર નં. ૧૩/૨૦૧૭-૧૮ પ્લાસ્ટીક ખુરશીઓ ખરીદ કરવા બાબતની જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે, પરંતુ વહીવટી કારણોસર સદર ટેન્ડર રદ કરવામાં આવેલ છે. જેની જાણ સારું.
સ્થળ : ગાંધીનગર — સહી/-
તા. ૧૨/૬/૨૦૧૭ — નાયબ મ્યુનિસિપલ કમિશનર
માહિતી/૧૦૧૫/૧૭-૧૮ — ગાંધીનગર મહાનગરપાલિકા

**જાહેર નિવિદા નં.૨ સને-૨૦૧૭-૧૮**
(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત))
(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)
નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬, ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૫ કામોની અંદાજીત કિંમત રૂ. ૪૮,૧૭૭-૦૦ થી રૂ. ૪૯,૮૮૩-૯૦ સુધી છે. આ કામ માટે ઈ-૨ ક્લાસ તથા ઉપરની શ્રેણી નોંધણી ધરાવનાર વિદ્યુત ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર વેચાણ તા. ૧૮/૭/૨૦૧૭ સુધી બપોરના ૪.૦૦ વાગ્યા સુધી આપવામાં આવશે. ભરેલ ટેન્ડરો આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨૫/૭/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન મોકલવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ માહિતી ઉપરોક્ત કચેરીનો જાહેર રજા દિવસો સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.
માહિતી/૧૦૦૮/૧૭-૧૮